ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૧૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....


### વિશ્વ કક્ષાએ યોગને સ્વીકૃતિ

યોગ, ભોગ અને રોગની ત્રયી પૈકી યોગને વિશ્વસ્તરે આજપર્યંત મર્યાદિત ઓળખ સાંપડેલી હતી. ભારતમાં યોગ એ જીવન સાથે જોડાયેલી એક ફિટનેસ પદ્ધતિ કરતાં વિશેષ ધર્મનો જ ભાગ છે. પરંતુ પશ્ચિમની દુનિયા તેમ જ ઈસ્લામિક રાષ્ટ્રો ભારતીય યોગને હિંદુત્વનું પ્રતિક સમજીને અપનાવતાં અચકાતાં રહ્યાં છે. સ્વામી વિવેકાનંદ, મહર્ષિ મહેશ યોગી અને આચાર્ય રજનીશથી લઈ યોગ ગુરુ બાબા રામદેવ સુધીના આચાર્યોએ પશ્ચિમની દુનિયાને એના સ્ટ્રેસમાંથી છૂટવાના હાથવગા ઉપાય લેખે યોગની ભેટ આપી છે. પરંતુ યોગનો ખરો મહિમા કરાવ્યો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ. બાબા રામદેવની યોગશિબિરોએ દેશવિદેશમાં યોગનો ડંકો વગાડ્યો હતો અને છેલ્લે લોકસભાની ચૂંટણી પૂર્વે એ જ યોગ શિબિરો નરેન્દ્ર મોદીની પ્રશસ્તિ સભાઓ બની ગઈ હતી. યોગ એ શરીર અને મનને સ્વસ્થ રાખવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિ છે, એ મુદ્દે પશ્ચિમની પ્રજાને મુદ્દલ શંકા રહી નથી. ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને કેન્સર જેવી અસાધ્ય બીમારીમાં પણ યોગ અને પ્રાણાયામથી સાનુકૂળ પરિણામ મળે છે. સૌથી વધારે તો એ સ્ટ્રેસ (તનાવ)નું શ્રેષ્ઠ મારણ હોવા વિશે સહમતી જોવા મળી છે. આ તમામ બાબતો લક્ષમાં લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના યુનાઈટેડ નેશન્સના ભાષણમાં યોગનો વૈશ્વિક સ્વીકાર કરવા અને એક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઊજવવાની ભલામણ કરી હતી. એમના આ પ્રસ્તાવને બહુ જ ઓછા સમયમાં ઘણો સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે. કોઈ દેશ તરફથી આ પ્રકારની દરખાસ્ત આવે તો એના સ્વીકાર થતાં મહિનાઓ નહીં, વર્ષો વીતી જતાં હોય છે. એને ઠેકાણે ત્રણ મહિના કરતાં પણ ઓછા સમયમાં ૧૭૭ દેશોનું સમર્થન મળ્યું હોય એવી આ પહેલી જ ઘટના છે. ભારત માટે અને અંગત રીતે મોદી માટે આ એક વિશિષ્ટ દિગ્વિજયની યાદગાર ઘટના ગણાશે. યોગ હવે માર્કેટિંગ કોમોડિટીનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. બાબા રામદેવના વૈભવી સામ્રાજ્યના પાયામાં આ યોગ જ પડેલો છે. અમેરિકા જેવા સંપન્ન દેશોમાં યોગ પાછળ વરસેદહાડે કરોડો ડોલરનું રોકાણ થાય છે. વધુ સારી અને સ્વાસ્થ્યપૂર્ણ જિંદગી જીવવાની ગુરુ કિલ્લી જેવો આ યોગ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. પતંજલિ યોગપીઠ મારફ્ત બાબા રામદેવ અને નામી અનામી અન્ય સંસ્થાઓ યોગને વિશ્વકક્ષાએ પ્રતિષ્ઠિત કરવા જહેમત ઉઠાવતા રહ્યા છે. યોગને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ આપીને ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઊજવવાનો યુનાઈટેડ નેશન્સનો નિર્ણય ભારત માટે યશકલગી સમાન છે. ૨૧ જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ, સૌથી વધારે પ્રકાશિત દિવસ ગણાય છે. સૂર્યની ઊર્જાનો ભરપૂર ઉપયોગ કરવાનો પણ આ વિશેષ તિથિની પસંદગી પાછળ સંકેત જોઈ શકાય એમ છે. આપણાં શાસ્ત્રોએ તો 'યોગઃ કર્મસુ કૌશલમ્' જેવું સૂત્ર આપી યોગને સીધો જ કર્મ સાથે સાંકળ્યો છે. આશા રાખીએ કે આવનારા સમયમાં ભારતની ભવ્યતાના પ્રતીક સમાન 'યોગ' સાથે સંકળાઈને દુનિયા વધુ માંગલ્યસભર બની રહે.

# એસ.જી. શાળાનો વાર્ષિક રમતોત્સવ દબદબાભેર ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ તા. ૧૨ અને ૧૩ તારીખે સે. ૧૫ના સાંઈ ફૂટબોલ મેદાન ખાતે દબદબાભેર ઉજવાયો હતો. શાળાના ધોરણ ૫ થી ૮ ના અને ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા રમતોત્સવમાં દોડ, ગોળાફેંક, રસ્સાખેંચ, રીલે દોડ, લીંબુ ચમચી, વેજીટેબલ્સ રેસ, ફ્રોગ દોડ, કોથળા દોડ વગેરે રમતો આમંત્રિત મહેમાનો સામે યોજાઈ હતી. વિજેતા ખેલાડીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.





વાર્ષિક રમતોત્સવની શરૂઆત ૧૨મી ડિસેમ્બર-૨૦૧૪ના રોજ સવારે ૮.૧૫ કલાકે સાંઈ ફૂટબોલ મેદાનમાં ધોરણ- ૫ થી ૮ના ખેલાડી વિદ્યાર્થીઓ સાથે પ્રતિજ્ઞા વાંચનથી થઈ હતી. આ પ્રસંગે સૌ પ્રથમ મુખ્ય મહેમાન નયન થોરાત, રથવી સર, ડૉ. સોમભાઈ પટેલ અને આચાર્યા મીલીસિંહે દીપ પ્રાગટ્ય કર્યું હતું ત્યાર બાદ રેડ હાઉસ, બ્લ્યૂ હાઉસ, ઓરેંજ હાઉસ, યલો હાઉસ અને ગ્રીન હાઉસના ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓની દોડ, રીલે દોડ, રસ્સા ખેંચ, લાંબીકૂદ, ઊંચી કૂદ અને ગોળા ફેંક યોજાઈ હતી. રમતોની મજા દરેક વિદ્યાર્થીએ તાળીઓના ગડગડાટથી લીધી હતી. બીજા દિવસે ૧૨મી ડિસેમ્બરે ધોરણ-૧ થી ૪ ના વિદ્યાર્થી ખેલાડીઓ માટે દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, દેડકાકૂદ, શાકભાજી દોડ જેવી રમતો રસાકસી રીતે યોજાઈ હતી. આજે સમગ્ર રમતોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે સંજય ક્રિશ્ચિયન અને ધુમલભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યા તોમજ મુખ્ય મહેમાનશ્રીએ બાળક ખેલાડીઓની સાથે સાથે શિક્ષકો અને સેવકગણને પણ ઝડપી ચાલ, રસ્સાખેંચ, સંગીત ખુરશી જેવી રમત રમાડી પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના વાર્ષિક રમતોત્સવમાં ઓરેન્જ ગૃપના ખેલાડીઓએ સૌથી વધુ પોઈન્ટસ મેળવી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા ગૃપને શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# આવો ભણીએ અભિયાન અંતર્ગત આહિર યુવાન સરકારી શાળાઓમાં રંગીન બેનર્સ આપશે

ગાંધીનગર, તા. ૧૩
આધુનિક યુગમાં લોકો જાત જાતની પાર્ટીઓ કરીને જન્મ દિવસની ઉજવણી કરે છે. તેવા સમયે રાજ્ય કે દેશના વિકાસ માટે પ્રાથમિક શિક્ષણને અનિવાર્ય અને પાયારૂપ ગણીને સરકારી શાળાઓને પ્લાસ્ટીકના ફલેક્ષ મલ્ટીકલર બેનર્સ વિનામૂલ્યે આપીને જન્મદિવસની ઉજવણી કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આપણે જાણીએ છીએ તેમ સામાન્ય રીતે સરકારી કે ખાનગી શાળાઓમાં બ્લેક બોર્ડ ઉપર ચોક સ્ટીકથી લખીને અભ્યાસ કરાવવામાં આવે છે ત્યારે સેક્ટર-૪ના આહીર યુવાન અશ્વિન જાટીયાએ બોરીજ પ્રાથમિક શાળાઓમાં પત્નીને અનોખી ગીફ્ટ તરીકે 'આવો ભણીએ' અભિયાન શરૂ કરાવવાનો નવતર પ્રયોગ કરી અભ્યાસ કરાવવાનું બીડું ઝડપ્યું છે.

સરકારી પ્રાથમિક શાઓના નવ હજાર બાળકોના અભ્યાસ માટે 'ચાલો ભણીએ' અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેર વિસ્તારમાં આવેલી તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયરૂપ થાય તેવા મલ્ટીકલર બેનર્સ મફત આપવાનું આયોજન કર્યું છે.જેમાં ગાંધીનગર શહેરના ૧ થી ૩૦ સેક્ટરો ઉપરાંત મ્યુનિસિપલ હદના શહેરી વિસ્તારના ગામોઃ ફતેપુરા, ગોકુળપુરા, ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, બાસણ, પાલજ, આદિવાડા તથા જી.ઈ.બી.ની સરકારી પ્રાથમિક શાળાનો સમાવેશ કર્યો છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં કુલ ૩૪ સરકારી પ્રાથમિક શાળાઓ છે. જેમાં ધોરણ ૧ થી ૮ માં કન્યા અને કુમાર મળીને અંદાજે ૯૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળાઓમાં લગભગ ૩૦૦ શિક્ષકો સેવા ઓ આપે છે. વર્ગદિઠ ફક્ત પાંચ બેનર્સ ગણીએ તો લગભગ ૧૫૦૦ બેનર્સ જરૂરીયાત રહે છે. 'આવો ભણીએ' અભિયાનના આ પ્રોજેક્ટથી સરકારી શાળાઓમાં ભણતાં ભુલકાંઓને અભ્યાસમાં નવિનતા રહેશે. ખાનગી શાળાઓના બાળકોની જેમ જે સરકારી શાળાઓના બાળકોને પણ આ સુવિધા મળે તો આ નવા અભિગમથી તેઓ વધુ ઉત્સાહથી ભણી શકશે.

આ માટે સેક્ટર-૬ પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પી. પટેલ તથા અન્ય ઉત્સાહિત શિક્ષકોના માર્ગદર્શન મુજબ ૨X૩ ફૂટ તથા જરૂર મુજબ મોટી સાઈઝના બેનર્સ સારી ક્વોલીટીના પ્લાસ્ટીકમાં તૈયાર કરાનાર છે. જેમાં નાના ધોરણો માટે ૧ થી ૧૦૦ એકટા (આંકડા તથા શબ્દોમાં), એ.બી.સી.ડી., કક્કો-બારાક્ષરી, ભૂલકાઓને રસ પડે તેવા શબહ્દોના ચાર્ટ આકર્ષક ડીઝાઈનમાં તૈયાર કરાશે. જ્યારે મોટા ધોરણો માટે ઘડીયાના વિવિધ બેનર્સ અંગ્રેજી સ્પેલીંગ તથા ગ્રામરના ચાર્ટ, વાર-માસ-ઋતુઓના ચાર્ટ તેમજ સામાન્ય જ્ઞાન માટે જી.કે. ચાર્ટ બનાવીને નાના બાળકોને અભ્યાસમાં રસ પડે તે રીતે ઉત્સાહીત કરવામાં આવશે.

## સેક્ટર-૧૧ ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩
ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર તથા હોટલ પ્રેસીડન્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૪મી ડિસેમ્બરના રોજ મહા રક્તદાન કેમ્પનું આયોજન સવારે ૮ થી ૨ દરમ્યાન હોટલ પ્રેસીડન્ટ, સેક્ટર-૧૧ ખાતે કરવામાં આવ્યું છે.

કેમ્પમાં એકત્રિત થનાર રક્ત ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દર્દીઓ તથા અન્ય દર્દીઓને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તે માટે કુરીયર એસોસીએશન ઓફ ગાંધીનગર, અશ્વિનભાઈ કોમર્સ કોલેજ, ચૌધરી મહિલા કેમ્પસ, ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના ઉપક્રમે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા નગરજનોને જણાવાયુ છે.

## હરિની દૃષ્ટિ...



પોલીટીશ્યનને એવું ન કહેશો.. એ લોકો એટલા સેન્સીટીવ હતાં કે કાળુ નાણું દેશમાં રાખવામાં પણ શરમ અનુભવતા હતા !!

## જે.બી. પ્રાથમિક શાળામાં રમતોત્સવ યોજાયો


ગાંધીનગર, તા.૧૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં પુજય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલ મહોત્સવ તાજેતરમાં યોજાયો હતો. ત્રણ દિવસના રમતોત્સવમાં વિદ્યાર્થીએ દોડ, જંપ દોડ, લીંબુ ચમચી વગેરે રમતોમાં પોતાનું વિશેષ કૌશલ્ય પ્રગટાવ્યું હતું.

રમતોત્સવની શરૂઆતમાં પૂજય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જયોત પ્રગટાવી રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ અને સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને દોડ, જંપ દોડ, લીંબુ ચમચી, ગોળા ફેંક, સંગીત ખુરશી, ઝેરી ઢીંગલી, બુક બેલેન્સ વિગેરે રમતોમાં ભાગ લેવા બદલ અને રંગોળી વકતૃત્વ, ચિત્ર સ્પર્ધા, ગીત સ્પર્ધા, એક પાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરેમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ કૌશલ્ય પ્રદર્શિત કરવા અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષકો માટે ગોળાફેંક અને મટકાદોડ પણ યોજાઈ હતી. આ પ્રસંગે આચાર્યા નીવાબેન પટેલે બાળકોને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રેરણા વિદ્યાલયમાં મંત્રમુગ્ધ કરે તેવા જાદુના શૉ નું આયોજન

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગર સેકટર-૫-એ ખાતે આવેલ પ્રેરણા વિદ્યાલયમાં ગુરુવારે જાદુનો શૉ યોજવામાં આવ્યો હતો. ખ્યાતનામ જાદુગર અલ્પાબેન રાજગુરૂ અને બી.એન. રાજગુરૂ દ્વારા આ શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું. બી.એન. રાજગુરૂએ જાદુનો ખ્યાલ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, 'જાદુ એ કોઈ ચમત્કાર કે મેલી વિદ્યા નથી પરંતુ હાથની કરામત છે.' તેમણે 'જાદુ એટલે ઝડપ' એવો ખ્યાલ સ્પષ્ટ કર્યો હતો. બી.એન. રાજગુરૂએ કોઈ પણ પ્રકારના વહેમ, અંધશ્રધ્ધા કે ભૂતપ્રેતમાં માનવું નહિ અને ખોટી છેતરપીંડીનો ભોગ બનવું નહિ તેવું વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જાદુ એ આવડત છે. તેમાં ઝડપ અને સજાગતા ખુબ જ અગત્યની છે. તેમણે વિદ્યાર્થીઓને પણ જાતે કરી શકે તેવા જાદુ શીખવાડયા હતા. જાદુગર બી.એન. રાજગુરુ અને અલ્પાબેન રાજગુરૂએ વિદ્યાર્થીઓને વિવિધ જાદુના ખેલ બતાવી તેમનું મનોરંજન કર્યુ હતું. તેમણે આંખના પલકારે વિવિધ વસ્તુઓ ગાયબ કરી બતાવી હતી અને વિજ્ઞાનના પાયાના સિધ્ધાંતોનો ઉપયોગ કરી બાળકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આમ વિદ્યાર્થીઓને આ શૉ દ્વારા ગમ્મત સાથે વિજ્ઞાનના સિધ્ધાંતો પણ સમજાવી શકાયા હતા. શાળાના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ શાહ તથા પ્રદિપસિંહ બિહોલા અને શાળાના આચાર્ય મનીષભાઈ ખત્રીએ આ જાદુના શૉ ને બિરદાવ્યો હતો.

# શાંત, હરિયાણા, સલામત 'વાઇબ્રન્ટ' નગરમાં આપનું સ્વાગત છે...!!!



રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

૨૦૦૮માં અમદાવાદમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયા ત્યારે ૨-૪ બોમ્બ ગાંધીનગરમાં પણ ફોડવા માટે પ્લાન્ટ કરવામાં આવેલા. ૨ દિવસ થયા, ચાર દિવસ થયા ત્રાસવાદીઓને ગાંધીનગરમાં એક પણ બોમ્બ ફૂટયાના સમાચાર મળ્યા નહી. આકાઓએ હુકમ કર્યો કે તપાસ કરો બોમ્બ ફૂટ્યા કેમ નહિ ? મળતિયાઓ બોમ્બ જયાં મુકેલા એ જગ્યાએ ગયા તો બોમ્બ આખો ફાડી ફાડીને એમ ને એમ પડેલા. ગુસ્સાથી લાલઘુમ મળતીયાઓએ બોમ્બને પૂછ્યું - અલ્યા નકામાંઓ તમારા બધા જાતભાઈઓ ફૂટી ગયા પણ તમે કેમ હજુ આમ ને આમ વિલાયેલા મોઢા લઈને અઠવાડિયાથી પડ્યા છો ? ફૂટ્યા કેમ નહિ? ...બોમ્બે રોતલ મોઢે જવાબ આપ્યો ભાઈ, કોક નીકળે તો ફૂટીએ ને ? ...ખીખીખીખી આમ તો આ જોક્સ છે પણ હકીકતમાં આ છે ગાંધીનગરની એક અગત્યની અને આકર્ષક બાજુ... શાંતિ!!! નીરવ શાંતિ !!!

આ ગાંધીનગર છે... ગુજરાતનું પાટનગર. અહી સવાર મોડી પડે છે અને રાત વહેલી પડી જાય છે. શિયાળામાં ચાલવા નીકળતા લોકોના છૂટક છૂટક પગરવો સિવાય સવારમાં પ્રેશરકુકરની સીટીઓ સિવાય બીજો કોઈ અવાજ નથી આવતો અને હા ગુજરાતના બીજા શહેરો કરતા અહી શિયાળો વધુ ઠંડો પણ હોય છે, આ નગર શાંત છે... નીરવ શાંત... અહી સવારમાં સચિવાલયે પહોચવા સિવાય ક્યારેય ભાગદોડ જોવા જ નહિ મળે યસ સવારે ૧૦:૩૦ અને સાંજે ૬:૧૦ આ બે સમયે જ ટ્રાફિક ને કોલાહલ જોવા મળે બાકી ઢળતી સાંજે કે રાત પડતા જ પીન-ડ્રોપ સાઈલન્સ!!! હા વહેલી સવારે જાતજાતના પંખીઓનો મીઠો કલરવ અચૂક સાંભળવા મળે ને એ સિવાય મોટાભાગે કપીરાજોના ઠેકડાઠેકડ. યસ ગાંધીનગરમાં મનુષ્યોની સમકક્ષ માત્રામાં વાંદરાઓની પણ વસ્તી છે (ખબરદાર કોઈએ મનુષ્યો અને વાંદરાની ભેળસેળ કરવી નહિ).

અમદાવાદથી સાબરમતી થઈને વાયા કોબા સર્કલ આવતા એક મોટુબધુ મસ્ત બોર્ડ એ રસ્તેથી પસાર થતા બધાનું ધ્યાન ખેચે છે... ગુજરાતના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં આપનું સ્વાગત છે... વાત એકસો ને પચાસ ટકા સાચી છે. આ નગરમાં ભલે વાંદરાઓની સંખ્યા માથાદીઠ ઓછી હશે પણ વૃક્ષોની સંખ્યા અનેકગણી છે. અંદાજે સાડા ત્રણ લાખની વસ્તી સામે એકલા ગાંધીનગરમાં જ વૃક્ષોની સંખ્યા નવેક લાખ જેટલી છે મતલબ કે માથાદીઠ લગભગ ત્રણ વૃક્ષ. આ વૃક્ષોને લીધે ગાંધીનગરની હવામાં પ્રદુષણની માત્રા એકદમ નહીવત છે, આમતો અમદાવાદ લગભગ ૨૦ કિલોમીટર જ દુર છે પણ અમદાવાદથી આવતા હોવ તો ગાંધીનગર આવી ગયું એનો ખ્યાલ ફેફસામાં ભરાતી શુદ્ધ હવા પરથી જ આવી જાય. એય ને રોજ સવારે વુંક્ષાદિત રસ્તાઓ પર જો ૫-૭ કિલોમીટર ચાલતા રહો તો ચોક્કસપણે આયુષ્યમાં પાંચ વર્ષનો વધારો થાય થાય ને થાય જ.જો કે આધુનિક બની રહેલા શહેરના લીધે વૃક્ષો કાપતા જાય છે પણ છતાયે વૃક્ષોની બાબતમાં હજુયે આ શહેર સર્વોપરી છે અને ગાંધીનગરનો એરિયલ વ્યુ જુઓ તો જાણે કોઈ હરિયાળી ઓઢણી ઓઢીને બેઠું હોય એવું નયનરમ્ય દ્રશ્ય આવે ને આવે જ. મૂળે ગાંધીનગરનું જયારે આયોજન થયું ત્યારે એમાં જ મોટા ને પહોળા રસ્તાઓ અને રસ્તાથી લઈને આખાયે શહેરમાં અસંખ્ય વૃક્ષો ઉગાડવાનું આયોજન હતું જ. જો કે ૧૯૬૫મા જયારે આ નયનરમ્ય પાટનગરની ઈંટ મુકાઈ ત્યારે દુરદુર સુધી જંગલ જ જંગલ હતું, વસ્તીનું તો નામોનિશાન નહોતું એટલે સ્વાભાવિક છે કે હરિયાળી તો આ નગરને વારસામાં મળી છે. તમે કોઈ પણ રસ્તા પર નીકળો હરિયાળી અચૂક જોવા મળશે જ ને એ પણ લહેરાતી ને ભરપુર અહી દરેક સેક્ટરમાં અને સોસાયટીઓમાં ગાર્ડન છે, લીલોતરી છે. ઝાડ-છોડ છે. કુદરતના દરેક રંગો અહી જોવા મળે છે.અને એમાયે જો જ રોડ પર લોંગ ડ્રાઈવ કરવા નીકળ્યા તો સમજો કે એમ લાગે કે જાણે યુરોપના કોઈ શહેરમાં કાર ડ્રાઈવ કરીએ છીએ...એય ને એક બાજુ સાબરમતીની ઠંડક ને બીજી બાજુ નીરવ શાંતિ વચ્ચે ચકચકાટ પહોળા રસ્તાની બંને બાજુ લૂમેઝૂમે લહેરાતા જાતજાતના વૃક્ષો!!! એટલે તો ગાંધીનગરના પહોળા ને બંને બાજુ હરિયાળી ધરાવતા રસ્તાઓ પર પ્રીતિ ઝીંટાથી લઈને અનેક સેલીબ્રીટી મોહી જ પડે છે...!!!

આ..જ.. રોડ પરથી યાદ આવ્યું કે ઘણી વાર મને વિચાર આવે છે કે ગાંધીનગરનું આયોજન કરનારે નગરનું આયોજન કર્યુ છે કે પઝલનું ? ખી ખી ખી ખી જોક્સ અપાર્ટ જો તમારે ગાંધીનગરમાં રહેવું હોય તો કક્કો આવડવો ફરજીયાત છે, કેમકે અમારે ત્યાં શુદ્ધ ગુજરાતી ભાષામાં રોડના નામો ક કબૂતરના ક થી શરુ થાય છે. યસ, ગાંધીનગરમાં કોઈ ઈંગ્લીશ નામવાળો રોડ નથી કે જેથી તમને આસાનીથી યાદ રહી જાય. ક થી શરુ કરી ને જ સુધી રોડને નામ અપાયેલા છે..ટીલ નાવ !!! ના સમજાયું ? લો એકઝામ્પલ... ક- રોડ, ખ-રોડ, ગ-રોડ... વગેરે વગેરે. નકશો કરનાર આટલેથી ના અટક્યા તે આ ૭ ઉભા રોડને ક્રોસ કરતા ૭ આડા રોડને પણ નામને બદલે નંબર આપીને વધુ પઝલ કરી. યસ ઉભા રોડને ૧, ૨, થી ૭ સુધી નમ્બર આપેલા છે ને જયાં આ આડા રોડને ઉભા રોડ ક્રોસ કરે ત્યાં ત્યાં એક મસ્ત મજાનું સર્કલ...!!! અને સર્કલના નામ પણ બંને ને જોડી ને જેમકે ગ-૧ કે પછી ઘ-૪. યસ ગાંધીનગરમાં લગભગ દર એકાદ કિલોમીટર પછી એક સર્કલ છે...નયનરમ્ય, વિશાળ અને સુંદર. જો કે બેક વર્ષ પહેલા નેતાલોકો એ આ સર્કલોના નામકરણ કરેલા પણ સર્કલો હજુયે ઓળખાય તો છે જુના નામે જ. આ કક્કાવાળા રોડ અને સર્કલના નામની બબાલમાં બહારથી આવનારા ઓલમોસ્ટ કુટાઈ જાય છે ને કા તો એમણે પોતાને જવું હોય એ રોડનું નામ આવી રીતે લેવું પડે...એ ભાય ઘ-૪ ક્યાંથી જવાય? ઘ...ઘર નો ઘ...)

આમ તો હવે ગાંધીનગર પોતે જ ગાંધીનગરની બહાર પુરઝડપે વિકસી રહ્યું છે ને એના અનેક કારણોમાંનું એક કારણ છે ગાંધીનગરની આસપાસ થઈ રહેલી ગીફ્ટ સીટી, થઈ ચુકેલી ઈન્ફોસિટી અને અનેક પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ. યસ એક વખતે પગારદારોના શહેર તરીકે જાણીતું આ પાટનગર હવે અનેક પ્રતિષ્ઠિત કોલેજો અને આઈ. ટી. કંપનીઓને લીધે વધુ સમૃદ્ધ અને ગતિશીલ બનતું જાય છે. એક સમયે સાયકલનગર તરીકે જાણીતા ગાંધીનગરના રહેણાક વિસ્તારોમાં બનેલા કોમન પ્લોટોમાં હવે દેશીવિદેશી કારો મોટાપાયે પડેલી જોવા મળે છે. નવા નવા રેસ્ટોરન્ટ, શોપિંગ મોલ કે હોટેલો ખુલતી જાય છે.જો કે હજુયે બહારના વિસ્તારોને બાદ કરતા ગાંધીનગરની અંદર તો રાતના ૮-૯ પછી શનિ-રવિને બાદ કરતા કોઈ ભોજીયોભાય પણ રખડતો જોવા ના જ મળે.આ શહેરની કોઈ નાઈટ-લાઈફ નથી અને છે તો નાઈટ-લાઈફ્ના નામે ગાર્ડનમાં બેસવું કે પછી ગુજરાતમાં પ્રથમ ફૂડ-કોર્ટમાં જમવું કે પછી બહુ બહુ તો ટાઉનહોલમાં એકાદું નાટક જોવું... બસ વાત પૂરી. ગાંધીનગર ડલ-સીટી છે કે સિટીમાં કોઈ એન્ટરટેઈનમેન્ટ ના સ્થળો નથી એ વાતમાં ડોકું ધુણાવીને આપણી હા...!!! રાજકોટ, અમદાવાદ કે વડોદરા જેવા શહેરોમાં તો રાતના ૮-૯ પછી જ દિવસ ઉગતો હોય છે પણ અહી એવું નથી. લાઈફ-સ્ટાઈલ એકદમ શિસ્તબદ્ધ છે.અહી કામ સબબ બહારથી આવનારા લોકોને મોટાભાગે આ ભાગદોડ વગરની અને સાવ શાંત લાઈફસ્ટાઈલ આકર્ષી જાય છે અને આ શહેરની એ જ મજા છે ભીડ વગરનું એકાંત એ આ શહેરની ખાસિયત છે. ફિલ્મ જોવા જાવ, રેસ્ટોરન્ટમાં જાવ કે પછી મોદી સાહેબે વિકસાવેલા અને ગાંધીનગરનું અનન્ય ઘરેણું એવા ત્રણેક કિલોમીટર લાંબા અને અત્યંત આકર્ષક એવા સ્વર્ણિમ વિસ્ટા ગાર્ડનમાં જાવ, સર્વત્ર નિરાંત, મોકળાશ અને શાંતિ...!!!

ગાંધીનગરની એક ઓળખ છે રાજકારણીઓ એમાં નાં નહિ.આખા રાજયની વ્યવસ્થાનું સેન્ટર છે ગાંધીનગર એટલે સ્વાભાવિક છે કે રાજકારણીઓ અને અમલદારોથી ઉભરાતું આ શહેર છે પણ રાજકારણીઓ આ શહેરને ક્યારેય નડતા નથી. આખાયે રાજયમાં પ્રભાવ ધરવા નેતાઓ કે અધિકારીઓ પણ શહેરની શાંતિ કે સુંદરતાને સન્માન આપે છે. એમના દેખાવો કે ધરણાઓ માટે ચોક્કસ જગ્યાઓ જ છે, એ બધો વહીવટ એ લોકો ત્યાં જ પતાવી લે છે !!! ચીચીચી કે બીકનના કર્કશ અવાજો કરતી પોલીટીશ્યનોની ગાડીઓ શહેરમાંથી પસાર થતી તમને કભાગ્યે જ દેખાશે, અહી રોડ બ્લોક કે વીઆઈપી મુવમેન્ટ જેવી સમસ્યા શહેરની અંદર નથી ઈનફેક્ટ એમના માટે શહેરની બહારનો આખો એક રોડ જ અલગ છે, બારોબાર આવે ને બારોબાર જાય!!! શહેરની શાંતિમાં આ ઓછું યોગદાન કહેવાય?! જો કે મોદી સાહેબના રાજમાં સતત દોડતું અને ધમધમતું આ શહેર બેનના આવ્યા પછી એટલીસ્ટ રાજકારણીઓની દોડાદોડીની બાબતમાં થોડું સુસ્ત અને શીથીલ તો થયું જ છે પણ હુ કેર્સ??

આગળ લખ્યું એમ ખાલી રોડના નામ જ પઝલ નથી અહી તો કોઈનું ઘર શોધવું એ પણ સાત કોઠા વિન્ધ્વાથી પણ અઘરું કામ છે મૂળે અમદાવાદથી રાજયનું પાટનગર ગાંધીનગર ખસેડ્યું ત્યારે કોઈ સરકારી કર્મચારી આ જંગલમાં રહેવા જ તૈયાર નહોતા ઈવન સરકાર મફતના ભાવે રહેણાક પ્લોટો આપે તો પણ, જો કે ધીરે ધીરે આ પ્લોટોથી ગાંધીનગર ભરાતું ગયું જો કે હજુ પણ ઘણા બધા કર્મચારીઓ અમદાવાદ રહે છે અને એનાથી વિપરીત છેલ્લા પાંચેક વર્ષમાં અમદાવાદની ભાગદોડથી કંટાળીને ઘણા અમદાવાદીઓ નવા અને વધુ આધુનિક ગાંધીનગરમાં આવીને વસતા પણ થયા છે.. ૯૦ મીટર જમીન પર બનેલા મોટાભાગના મકાનો સરખા જ લાગશે અને ૩૦ સેક્ટરોમાં વસેલા ગાંધીનગરના દરેક સેક્ટરોમાં બનેલા ઘરોને આપેલા છે પ્લોટ નમ્બર. પણ વેઈટ...૫૪૪ નમ્બરના પ્લોટ પછી ૫૪૫ હોય પણ એવું બને કે એની પાછળની લાઈનમાં ૫૪૬ ના પણ હોય!!! પાક્કું સરનામું હોય અને ખિસ્સામાં મોબાઈલ નમ્બર હોય તો જ કોઈનું મકાન ઝડપથી અને સરળતાથી મળશે એની ખાતરી બાકી ઘાણીના બળદ ની જેમ ઘણાયને ગોળ ગોળ ફરતા જોયા જ છે!!!

આમ તો પ્યારા ગાંધીબાપુના નામ પરથી પાટનગરનું નામ રખાયું છે પણ હમણા સુધી બાપુની કોઈ સ્મૃતિ ગાંધીનગરમાં હતી જ નહિ સિવાય કે બાપુનું એકાદ બાવલું, પણ હવે મોદી સાહેબના ડ્રીમ પ્રોજેક્ટ મહાત્મા મંદિરથી આ શહેરને બાપુની યાદની એક મહામુલી અને કાયમી ઓળખાણ મળી ગઈ છે. અત્યારે જેમ ગાંધીનગરના જોવાલાયક સ્થળોમાં અક્ષરધામનો સમાવેશ કરવો જ પડે એમ આવનારા દિવસોમાં મહાત્મા મંદિર પર્યટકો અને મુલાકાતીઓ માટે મસ્ટ-વોચ સ્થળ બની રહેશે એટલું અદ્ભુત અને સુંદર બાંધકામ અને અત્યાધુનિક સુવિધાઓ આ સ્થળ પર ઉભી થઈછે અને થઈ રહી છે. ગાંધીનગર એટલે શહેરના નામે એક મસ્ત મજાનું ગામડું જ ગણી લ્યો પણ હા આ ગામડામાં વિશાળ રસ્તાઓ, અસંખ્ય અને ઘટાટોપ વૃક્ષો, બગીચાઓ, શુદ્ધ અને શાંત વાતાવરણ અને સૌથી બેસ્ટ એકદમ કુલ અને ઈઝી ગોઈંગ લાઈફ-સ્ટાઈલ...

એમ તો ગામ હોય ત્યાં બધું હોય એ ન્યાયે ગાંધીનગરમાં પણ ઝુપડા, ગાયો અને ખુલ્લા પ્લોટોમાં ગંદકી જેવી નાનીમોટી તકલીફો છે પણ ઓવરઓલ બીજા શહેરોની સરખામણીમાં બહુ પીડાકારક નથી. ગાંધીનગર એટલે પંચરંગી પ્રજાઓનું નગર. અહી મેહાણી પણ છે, કચ્છી પણ છે, કાઠીયાવાડી પણ છે, હુરતી પણ છે અને આઈ.ટી. કંપનીઓના પ્રતાપે દેશના ખૂણે ખૂણેથી આવીને વસેલા લોકો પણ છે. કોઈ પણ સેક્ટરના એકાદ ચોકઠાંનો સર્વે કરશો તો એક ચોકઠાના અંદાજે વીસેક મકાનોમાં તમને ગુજરાતના અલગ અલગ ૮-૧૦ પ્રદેશના લોકો વસતા મળશે. યસ અહી ચારે બાજુ મકાનો અને વચ્ચે વિશાળ ખુલ્લા પ્લોટની બાંધણી છે, આ ખુલ્લા પ્લોટ એટલે ચોકઠાં અને આ ચોકઠાનો ખુલ્લો પ્લોટ એટલે સૌનો સહિયારો કોમ્યુનીટી હોલ-ટોટલ ફ્રી. કોઈ પણ પ્રસંગ ધામેધૂમે ઉજવી શકો ને એ પણ કોઈ ભાડા ભર્યા વગર !! જો કે સ્થાપનાના પચાસ વર્ષો પછી પણ ગાંધીનગર હજુ સમ્પૂર્ણ સુવિધાયુક્ત નગર તો નથી બની શક્યું પણ શાંત, હરિયાળું, રમણીય, કુદરતનો સાક્ષાત્કાર કરાવનાર અને બીજા શહેરોની સરખામણીમાં અનેકગણું સુરક્ષિત આ નગરમાં રહેવું એ એક લહાવો છે... વિવિધતામાં એકતા આ નગરની પહેચાન છે અને હજુ સુધી તો આ એકતા મજબુત રીતે ટકી રહી છે કેમકે ગાંધીનગરની હવામાં જ કૈક એવું છે કે ગમે એવો વલવલાટ પણ થોડીવારમાં કે થોડા ટાઈમમાં શાંત થઈ જાય...રાજકોટ, અમદાવાદ, વડોદરા કે પછી મુંબઈ, બેંગ્લોર જેવા હેપનિંગ સિટીમાંથી અહી વસેલા માણસને થોડા દિવસો તો સુનું-સુનું લાગે, પોતાના જુના શહેરના મોલ્સ, ભીડ ને ચમક-દમક યાદ આવ્યા કરે પણ પછી ધીરે ધીરે એ આ નગરની શાંતિ, સાદગી અને ગ્રીનરીથી કાયલ થતો જાય અને સરવાળે એક તબક્કે કહી જ દે કે રહેવાની મજા તો ગાંધીનગર જેવી ક્યાય નાં આવે..! ...કૈક તો ખાસ છે ગાંધીનગરની મીટ્ટીમાં!!!